

શાયર - લેખક

# પ્રો. ડૉ. અદમ ટંકારવી

## બોલ્ટન, યુ.કે., ગામ-ટંકારીયા-(જિ. ભરૂચ)

ભૂમિનો કોઈ–કોઈ ભાગ એવો બળુકો અને ફળદ્રુપ હોય છે કે તે જમીનમાં તમે આડે હાથે ગમે તે ફેંકો (વાવો) તેની ફળદ્રુપતા અને પોત પ્રકાશિ ઉઠશે. આ જમીનની તાસિર અને બંધારણનો ગુણ છે. આવી જાતવાન અને કસદાર જમીનમાં અવતરવું એ પણ નસીબની વાત છે!

આપણે વાત કરીએ છીએ ભરૂચ જિલ્લાની અને તેની ફળદ્રુપ 'આદમની ઓલાદ' ની. હા ! આદમ (અ.સ.)ની ઓલાદની. કોઈ અજીબ સાહસ લઈને જન્મેલા આ ભરૂચીયાઓ પોતાની બુધ્ધિ–શકિતથી અને આવડતથી આખા વિશ્વમાં પાથરણાની માફક પથરાઈ ગયા છે. ત્યાં તેઓ ફૂલ્યા, ફાલ્યા, વિકસ્યા અને માતૃભૂમિને ગૌરવ અપાવે તેવી ઉજ્જવળ કારકિર્દીના હક્કદાર બન્યા છે.

આવાજ એક અદના ઈન્સાન, કેળવણી અને સાહિત્યના માંધાતા, સમજદાર સજ્જનોની ભૂમિ ટંકારીયાની કેળવણીનું મહામૂલુ રતન પાછલી અવસ્થામાં ગુજરાતની જનમ ભોમકાને અલવિદા કરી બ્રિટિશરોની ભૂમિને વ્હાલ કરવા વસી ગયા. જે શાયરી અને ગઝલોના ચાહકોમાં 'અદમ ટંકારવી' ના લકબથી લોકોના હૃદયમાં વસી ગયા છે. એમનું મૂળ નામ પટેલ આદમભાઈ મુસાભાઈ. ભરૂચ જિલ્લાનું ટંકારીયા તેમની જનમ ભોમકા. તેઓ ડૉ. આદમ ઘોડીવાલા તરીકે પણ પ્રખ્યાત છે.

ગુજરાતે તો એક અચ્છા ઈંગ્લીશ લેંગ્વેજના નિષ્ણાત પ્રોફેસર, ગઝલકાર, શાયર, લેખક, સંશોધક અને કેળવણીકાર ખોયા. ગુજરાતના લોકો માટે તો એવો ઘાટ ઘડાય છે કે પેલી દુલાભાયા કાગની કાવ્યની કડી 'દોરી સહીત લોટો ગયો' યાદ આવી જાય છે. ગુર્જર મુસ્લિમ સમાજમાં જવલ્લે જ ઉછરતા આવા, ખાસ કરીને ઈંગ્લીશના નિષ્ણાત અધ્યાપકો ગુજરાતમાંથી સરી જાય તો તે સરવાળે ગરીબ ગુર્જર મુસ્લિમ સમાજને જ ખોટ છે. ખેર ! દુઆ છે અલ્લાહ પાક જનાબ ડૉ. આદમ ઘોડીવાલા સાહેબ જ્યાં પણ વસે, વિકસે અને સમાજ તથા ભારત વર્ષને ઉપયોગી થાય !

**જન્મ–બાળપણ** : આવો આપણે ડૉ. આદમભાઈ ઘોડીવાલા ઉર્ફે 'અદમ ટંકારવી'ના જીવનમાં ડોકિયું કરીએ. ભરૂચ જિલ્લાના વિકસીત ગામોમાં જેની ગણના થાય છે. તેવા ટંકારીયા ગામે તા. ૨૭–૯–૧૯૪૦ માં મુસાભાઈ પટેલના ઘરે આદમભાઈનો જન્મ થયો. રોજી–રોટીના સાધન તરીકે મુસાભાઈ આજુબાજુના ગામોમાં કાપડની ફેરી કરી ગુજરાન ચલાવતા. મુસાભાઈને કાપડની ફેરીમાં ફાવટ આવી નહીં. એટલે ગામમાં જ નાની એવી પરચુરણ દુકાન શરૂ કરી. તેમના પત્ની આયશાબહેન ભલે અભણ હતા. છતાં વ્યવહાર કુશળ, ઠાવકા અને કોઠાસૂઝવાળા હતા. તેમની આ કુદરતી પ્રકૃતિ ઘરમાં બાળકોના ઉછેર અને સામાજિક કામોમાં



ઘણી ઉપયોગી થતી.

**અભ્યાસ** : આદમભાઈએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ટંકારીયા ગામની શાળામાં જ કર્યો. તે મુંબઈની જયહિંદ કોલેજમાંથી બી.એ. થયા. સુરતની એમ.ટી.બી. કોલેજમાંથી એમ.એ. થયા. વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી બી.એડ., એમ.એડ. અને પી.એચ.ડી. થયા. ૧૯૮૧માં બ્રિટિશ કાઉન્સિલની સ્કોલરશીપથી યુ.કે.ની લેન્કાસ્ટર યુનિવર્સિટીમાં એક વર્ષ અભ્યાસ કરી ભાષાશાસ્ત્રમાં અનુસ્નાતક પદ્વી ડિસ્ટીંગશન સાથે પ્રાપ્ત કરી.

**વ્યવસાય** : વ્યવસાયે શિક્ષક. આદમભાઈએ પોતાના જીવનના વ્યવસાયની શરૂઆત શિક્ષક તરીકે કરી. ઈ.સ. ૧૯૬૨ થી ૧૯૬૭ દરમ્યાન ટંકારીયા હાઈસ્કૂલ, કરમાડ હાઈસ્કૂલ અને સુરતની જીવન ભારતીમાં શિક્ષણ કાર્ય કર્યું. ૧૯૬૮માં મિયાંગામ–કરજણ કોલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે સેવા આપી. ત્યારબાદ ગુજરાતના કેળવણીના ધામ સમા વલ્લભવિદ્યા નગરની એમ.એમ. પટેલ ઈન્સ્ટીટયૂટ ઓફ ઈંગ્લીશમાં અંગ્રેજી ભાષા શિક્ષણના અધ્યાપક તરીકે જોડાયા. ચરોતરની આ મોંઘેરી ભોમકામાં આપણા આદમભાઈ મનગમતું આસન જમાવીને બેસી ગયા. ભરજુવાનીના મૂલ્યવાન ૨૧ વર્ષ સાહિત્યના આ જીવડાએ વલ્લભ વિદ્યાનગરમાં બસર કરી અનુભવનું કિંમતી ભાતું મેળવ્યું.

વિદ્યાનગરના પોતાના વસવાટ દરમ્યાન આદમભાઈએ શિક્ષણની કેટલીક અદ્દભૂત અને કિંમતી સેવા બજાવી. આ ચંચળ અને નિરાલા શિક્ષણશાસત્રી ગુજરાત રાજ્યના અંગ્રેજીના પાઠય પુસ્તકોનું લેખન કાર્ય, આકાશવાણી પરથી અંગ્રેજી વિષયના શિક્ષકો માટેની શ્રેણીનું પ્રસારણ, બ્રિટિશ કાઉન્સીલ આયોજિત કાર્યશિબિરો અને તાલીમ વર્ગોનું સંચાલન તથા વિવિધ સામયિકના સંપાદન જેવી અનેક વિધ શૈક્ષણિક, સાહિત્યિક પ્રવૃત્તિઓમાં સક્રીય રહ્યા.

શ્રી એચ. એમ. પટેલ તથા દિલાવરસિંહ જાડેજા સાથે કેમ્પસ વિકાસના કાર્યોમાં સામેલગીરી. સાહિત્ય ક્ષેત્રે હરીશ મિનાશ્રુ, ડૉ. અજીત ઠાકોર, ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, ડૉ. મણીલાલ પટેલ, હરબન્સ પટેલ, ડૉ. જયેન્દ્ર શેખડીવાલા અને જોસેફ મેકવાન જેવા વિદ્વાનોનો સદ્દનસીબે આ સંસ્થામાં સહયોગ સાંપડયો.

વલ્લભ વિદ્યાનગરમાં બાવીસ વર્ષ સુધી ઈંગ્લીશ લેંગ્વેજ ટીચિંગના નિષ્ણાત પ્રોફેસર તરીકે સેવા બજાવી. દૂર દૂર પશ્ચિમ તરફ ક્ષિતીજમા વિકાસ અને પ્રગતિના તેજ કિરણો તેમને દષ્ટિ ગોચર થયા. વિદ્યાનગર અને માતૃભૂમિ ગુજરાતમાં જનાબ ટંકારવી સાહેબને સંકળામણ મેહસૂસ થવા લાગી. પ્રગતિ અને વિકાસના વિચારો પર આરૂઢ થઈ આ વિદ્વાન ભરૂચિયો માદરે વતનને સલામ કરી પારકે પાદર (બ્રિટન) જઈને વસ્યા. ત્યારે વર્ષ હતું ૧૯૯૧.

**બ્રિટનમાં વસવાટ** : શિક્ષણ – સાહિત્યના આ તલબગાર જીવ બ્રિટનમાં વિના વિલંબ ૧૯૯૧માં બોલ્ટન મુસ્લિમ ગર્લ્સ સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાઈ ગયા. બીજા જ વર્ષે હેડટીચર તરીકે પ્રમોશન મેળવી ૧૯૯૮ સુધી આ સંસ્થાની સેવા બજાવી. સાથે સાથે ડૉ. આદમભાઈ બોલ્ટન કોલેજ તથા પ્રેસ્ટન કોલેજમાં ખંડ સમયના અંગ્રેજીના વ્યાખ્યાતા રહ્યા. ૧૯૯૮માં બ્લેકબર્ન મુસ્લિમ ગર્લ્સ હાઈસ્કૂલમાં હેડટીચર થયા. ૨૦૦૧માં તેઓ નિવૃત્ત

થયા.

'અદમ ટંકારવી'નું બ્રિટનમાં મુખ્ય કામ મુસ્લિમ સ્કૂલોની ગુણવત્તા સુધારવાનું રહ્યું. બ્લેકબર્ન મુસ્લિમ ગર્લ્સ હાઈસ્કૂલના તેજસ્વી જી.સી.એસ.સી. પરિણામો (૮૫%) તથા શૈક્ષણિક સ્તરને લીધે આ શાળાને મુખ્યપ્રવાહમાં સ્ટેટ ફન્ડેડ શાળા તરીકે માન્યતા મળી.

'અદમ ટંકારવી' ના જીવનમાં રસના બે જ મુખ્ય વિષયો. શિક્ષણ અને સાહિત્ય. ખૂબ નાનપણથી જ તેમનામાં ગઝલ, શાયરીનું બીજારોપણ થયું છે. કાવ્ય ગઝલોની બુનિયાદ તો આદમભાઈ વતન ટંકારીયામાં નવમા ધોરણમાં અભ્યાસ કરતા હતા ત્યારથી છે.

**પ્રકાશનો** : ગઝલો – (૧) સંબંધ (૨) નખશિખ (૩) ગુજરાતી ગઝલ (૪) બ્રિટિશ યુનિવર્સિટીમાં એક વર્ષ (૫) એચ. એમ. પટેલ (૬) સાહિત્યનું અધ્યાપન (૭) આદમ ટંકારવીની ગઝલોની ચોપડી. આટલા ગઝલ સંગ્રહ પ્રગટ થયા છે. જેમાં 'ગઝલોની ચોપડી નામક ગઝલ સંગ્રહને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા દ્વિતિય પારિતોષિક તથા જયંત પાઠક કવિતા પુરસ્કાર એનાયત થયા છે.

(૧) 'અમેરિકા રંગ ડોલરીયો' નામે પ્રવાસ વર્ણન તથા

(૨) 'આદમ કદ અરિસામાં' સમાજ દર્શનના પુસ્તકો પ્રગટ થયા છે.

**કાર્યક્રમો** : 'અદમ ટંકારવી' વર્ષોથી મુશાયરા પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. તેમણે ગુજરાતના વિવિધ નગરોમાં, મુંબઈ, બ્રિટન, યુ.એસ.એ., કેનેડા, દુબઈ તથા મસ્કતમાં મુશાયરાઓમાં ભાગ લીધો છે.

પ્રો. ડૉ. આદમભાઈ ઘોડીવાલા ઉર્ફે 'અદમ ટંકારવી' એ મનોરંજન કે લખવા ખાતર ગઝલો નથી લખી. પણ પ્રવર્તમાન સમયની યુવા પેઢીને તેમની ગઝલોમાંથી જાણવાનું અને માર્ગદર્શન મળે એવું પણ ટંકારીયાના આ પટેલે લખ્યું છે. ખાસ કરીને બ્રિટન–અમેરિકાની ગુજરાતી યુવાપેઢીને અનુલક્ષી પ્રયોગશીલ 'ગુજલિશ ગઝલો' લખી છે.

કાવ્યો, ગઝલો, શાયરી વગેરે માતૃભાષામાં લખનારા કવિ–શાયરો તો ઘણા છે. પણ આ ચીલા ચાલુ ગઝલ શાયરીમાંથી કોઈ અજીબો ગરીબ, સાવ નવિનતમ રાહ પકડનાર ગુજરાતી ગઝલકારો જૂજ હોય છે. આપણા આ શાયર ટંકારીયાના સપૂત 'અદમ ટંકારવી' ગુજરાતી ગઝલો અને કવિતાને અંગ્રેજીમાં રૂપાંતર કરી પ્રકાશિત કરે છે. એ જ કાવ્યને અને ખાસ કરીને અંગ્રેજીમાં રૂપાંતર કરવાની આ અદ્‌ભુત સાહિત્યકળા આપણા આદમભાઈમાં કુદરતી સંગ્રહાયેલી છે. આવા જૂજ કવિ શાયરો જવલ્લે જ સાહિત્ય અને સમાજને સાંપડે છે. તેમણે બ્રિટનના કવિ અહમદ ગુલના કાવ્યોનું અંગ્રેજીમાં રૂપાંતર કર્યું છે. જે અંગ્રેજીમાં 'અરોમા' પુસ્તક રૂપે પ્રગટ થયું છે.

હાલમાં આ કવિ જીવ 'અદમ ટંકારવી' બ્રિટનની અંગ્રેજી કવયિત્રી જુલી બોડન સાથે સમકાલીન અંગ્રેજી કવિતા વિશેના પ્રોજેકટમાં પ્રવૃત્ત છે.

'અદમ ટંકારવી' વિષે તેમના મિત્ર ડૉ. મણીભાઈ હ. પટેલ લખે છે, 'અદમ ટંકારવી'ને નામે ગઝલો લખતા આ શાયર સાચા અર્થમાં ઓલિયા ફકીર છે. ઓછી જરૂરીયાતો અને ઓછી પળોજણમાં માને. બહુધા સફેદ વસ્ત્રોમાં રહે. પાંચવાર નમાજ અદા કરે. ધર્મને અંગત



વાત ગણે. પૂરા તાત્વિક માણસ અને ચિંતનના જીવ. ભારતીય જીવન દર્શન તથા અરબી ફારસીનો સૂફીવાદ જીવન વિચાર એમની ગઝલોમાં ઝિલાયો છે. એની ગઝલો સાદી, સરળ અને સહજ તથા સફાઈદાર અભિવ્યકિતમાં માને છે. આવી ગઝલોનું ઊંડાણ તથા એનું સંકુલ અર્થજગત આપણને ચકિત કરી દે તેવું છે.

મરીઝ અને ઘાયલ જેવા ગઝલકારોની હરોળમાં બેસવા માટે એ સૌથી વધુ અધિકારી ગઝલકાર છે. એમની 'ગઝલોની ચોપડી' ને હમણાં 'જયંત પાઠક કાવ્ય પુરસ્કાર', 'અકાદમીનું બીજુ ઈનામ' તથા પરિષદનું 'દિલીપ મહેતા ગઝલ પારિતોષિક' મળ્યાં છે.

ગુજરાતના આવા સંનિષ્ઠ ગઝલકાર 'આદમ ટંકારવી'ને પરવરદિગાર ઔર હિદાયત આપે અને બેસહારા ગુર્જર બાંધવોને કેળવણી ક્ષેત્રે રાહ બતાવી તેમની અસીમ દુઆઓથી નસીબવંતા બને અને આપ તંદુરસ્તી સાથે રાહેરાહ પર ચાલી પરદેશી ભોમકામાં ગુર્જરોનું નામ રોશન કરો તેવી બૂઝર્ગની દુઆ....!!

○